# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૪૫૬૩-૨ તારીખ : ૩૦ - ૦૬ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
રજુબેન ગોબરભાઈ શેખ
મું. પો. : અજમેર, તા. : વિંછીયા, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૫૫
મોબાઈલ : ૬૩૫૪૬૯૧૫૦૫

વિષય : ખેતીવાડી જમીનમાં નવું વીજજોડાણ આપવા બાબત.

સંદર્ભે: આપશ્રીની રજુઆત પત્ર નંબર : App. Letter Dt.૨૯.૦૩.૨૦૨૨ & BZ/CGRF/૧૪૦૨, તા. ૩૦-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જસદણ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વિંછીયા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ


પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૯/ક્વા-૧/૨૨-૨૩/૪૫૬૩-૨ તા.૩૦/૦૬/૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૯/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : રજુબેન ગોબરભાઈ શેખ ગામ: અજમેર |
| પેટા વિભાગીય કચેરી | : વિંછીયા |
| રજૂઆત કરનાર | : અરજદાર રજુબેન ગોબરભાઈ શેખ અને તેમની સાથે જગા વાઘા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ |
| રજૂઆત કરનાર | : શ્રી એસ.જી.દત્તાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી જસદણ તેમજ તેમની સાથે શ્રી કે.ડી.મોઢ, અધિક્ષક હિસાબનીશ (રેવન્યુ) હાજર રહેલ છે. |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | -શ્રી ડી.વી.લાખાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૦૭.૦૬.૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૭.૦૬.૨૦૨૨ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે વિંછીયા તાલુકાના અજમેર ગામની ખેડખાતા નં.૨૨૦ થી રે.સ.નં.૧૯૬ ની ખેડવાણ જમીન સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની છે. સદર ખેતીની જમીનમાં આજથી ૦૫ વર્ષ પહેલા સરકારશ્રીની યોજના અંતર્ગત મળવા પાત્ર સૌરઉર્જા સંચાલીત સોલાર પાવર સેટ ૦૫ હો.પા. જે રોટોમેગ મોટર કન્ટ્રોલ પ્રાઈવેટ લીમીટેડ પાસેથી ખરીદ કરેલ છે. તેમજ જે તે સમયે સરકારશ્રીની યોજના અંતર્ગત સદર યોજનાના ૦૫ વર્ષ પૂર્ણ થયા બાદ અરજદાર પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા નવુ ખેતીવાડી વીજકનેકશન મેળવી શકશે તેવી જાહેરાત સરકારશ્રી દ્વારા કરવામાં આવી હતી. અરજદાર વધુમાં જણાવે છે કે ઉપરોકત સૌરઉર્જા સંચાલીત સોલાર પાવર સેટ ૦૫ હોર્સ પાવરની પાંચ વર્ષની મર્યાદા પૂર્ણ થતા નવું વીજજોડાણ લેવા માટે પી.જી.વી.સી.એલ.ની પેટાવિભાગીય કચેરી, વિંછીયા ખાતે અરજદાર દ્વારા અરજી

કરેલ પરંતુ સદર ખેડવાણ જમીનમાં સૌરઉર્જા સંચાલીત સોલાર પાવર સેટ આવેલ હોવાથી નવુ વીજજોડાણ મળવાપાત્ર નથી. અરજદારને મળેલ સદર સૌરઉર્જા સંચાલીત સોલાર પાવર સેટ યોગ્ય રીતે કામ ન કરતો હોવાથી તેમજ વારંવાર ફરીયાદ કરવા છતાં અરજદારને યોગ્ય વિજવપરાશ મળતો ન હોય અરજદારે સદર માલીકીની ખેડવાણ જમીનમાં વાવેતર કરેલ પાકને સમયસર પીયત કરી શકતા ન હોય મસમોટુ નુકશાન થાય છે જેથી અરજદાર દ્વારા નવું ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારશ્રી રજુબેન ગોબરભાઈ શેખ, મુ.પો. અજમેર, તા.વિંછીયા અને જીલ્લો-રાજકોટ છે. અરજદાર વિંછીયા પેટાવિભાગીય કચેરી હેઠળના અજમેર ગામે તા.૧૨.૦૮.૨૦૧૫ ના રોજ ૦૫ હો.પા. કરારીત વિજભારથી સોલાર એજી. પંમ્પનું વીજજોડાણ ગ્રાહક નંબર ૮૧૮૦૨/૦૪૬૯૨/૫ થી ધરાવે છે. શ્રી રજુબેન ગોબરભાઈ શેખ દ્વારા નવું ખેતીવાડી વીજજોડાણ મળવા બાબતે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં રજુઆત કરેલ છે.

3.૧ વિંછીયા પેટાવિભાગીય કચેરી હેઠળના અજમેર ગામના ગ્રાહકશ્રી રજુબેન ગોબરભાઈ શેખ દ્વારા તા.30.૧૦.૨૦૧૨ ના રોજ **SPA** સ્કીમ અંતગર્ત નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે રૂ.૨૦૦/- **M. R. NO 761852** થી ભરેલ હતા જેનો **G P NO 14348** છે, ત્યારબાદ તા.૨૦.૦૨.૨૦૧૫ ના રોજ રૂ.૧૦૦૦/- **M. R. NO. 541957** થી સદર અરજીને સોલાર સ્કીમ હેઠળ તબદીલ કરવા માટે ભરેલ હતા જેનો **G P NO 43** છે. ત્યારબાદ અરજદારને સોલાર કનેક્શન માટેનું અંદાજપત્ર રૂ.૨૫૦૦૦/-નું આપેલ હતું, જે રકમ તા.૨૪.03.૨૦૧૫ ના રોજ **M.R. NO 541998** થી ભરપાઈ કરેલ હતી, જેનો **G P NO 11** છે. સદર અરજદારને સર્વે નં.૧૯૬ પૈકી ૧ માં તા.૧૨.૦૮.૨૦૧૫ થી ગ્રાહકનં ૮૧૮૦૨/૦૪૬૯૨/૫ થી ૦૫ હોપાનું સોલાર પમ્પ સેટનું વીજજોડાણ ધરાવે છે. જેનો ટેરિફ કોર્ડ **SOAGP** છે સદર વીજજોડાણને હાલ પાંચ વર્ષ કરતા વધુ સમય પૂર્ણ થયેલ છે.

3.૨ ઉપરોક્ત વીજજોડાણમાં સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ લગાડીને વીજવપરાશ કરવામાં આવે છે. સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટની સમયમર્યાદા પૂર્ણ થતા અરજદાર શ્રી રજુબેન ગોબરભાઈ શેખ દ્વારા સોલાર પમ્પ સેટનું હયાત વીજજોડાણ છે તે જ સ્થળ પર નવું ખેતીવિષયક પરંપરાગત સામાન્ય યોજના હેઠળ વીજજોડાણની માંગણી કરેલ છે. પરંતુ રાજ્યમાં ખેડુતોને સૌરઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતના પરિપત્ર તેમજ ત્રિપક્ષિય કરેલ કરારની કુલ "૨૧" શરત છે. જેમાં શરત નંબર "૦૪" માં જણાવેલ છે કે "સદર જણાવેલ પમ્પ સેટ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી પાંચ વર્ષ સુધી પ્રથમ પક્ષકાર/વીજ વિતરણ કંપનીની રહેશે, પરંતુ તેની સાર સંભાળ-મરામત વગેરેની તમામ જવાબદારી ત્રીજા પક્ષકાર/સપ્લાયરની રહેશે. ત્યારબાદ સદર માલિકી લાભાર્થીને એ શરતે તબદીલ થશે કે આગામી પાંચ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકશે નહિ." માટે ઉપરોક્ત સોલાર પમ્પ સેટનું હયાત વીજજોડાણ રદ કરવું કે કેમ? તથા તે જ સ્થળ પર નવું વીજજોડાણ આપવું કે કેમ? સદર બાબતે પરિપત્રમાં કોઈ પણ પ્રકારની સ્પષ્ટતા નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.3 અરજદાર શ્રી રજુબેન ગોબરભાઈ શેખ દ્વારા સોલાર પમ્પ સેટનું હયાત વીજજોડાણ હોય તે જ સ્થળ પર નવું ખેતી વિષયક પરંપરાગત સામાન્ય યોજના હેઠળના વીજજોડાણની માંગણી કરેલ છે. રાજ્યમાં ખેડુતોને સૌરઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે સોલાર પમ્પ સેટનું હયાત વીજજોડાણ રદ કરી તે જ સ્થળ પર નવું ખેતી વિષયક પરંપરાગત સામાન્ય યોજના હેઠળ વીજજોડાણ

આપવું કે કેમ જે અંગે રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતના પરિપત્રમાં તેમજ ત્રિપક્ષિય કરેલ કરારમાં સ્પષ્ટ થતું ન હોય જે એક નિતીવિષયક બાબત છે. સદર બાબતે વડી કચેરી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની જાણ કરવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી રજુબેન ગોબરભાઈ શેખ, મુ.પો. અજમેર, તા.વિંછીયા ખાતે ખેડખાતા નં.૨૨૦ થી રે.સ.નં.૧૯૬ માં સોલાર એજી. પમ્પ સેટ ૦૫ હોપાનું તા.૧૨.૦૮.૨૦૧૫ થી ધરાવે છે જેને ૦૫ વર્ષ પૂર્ણ થયા પુર્ણ થતા નવું વીજકનેકશન લેવા માટે પી.જી.વી.સી.એલ. કચેરી વિંછીયા ખાતે અરજદાર દ્વારા અરજી કરેલ પરંતુ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવા મુજબ સૌરઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પસેટ ઉપલબ્ધ કરવાની યોજના ૨૦૧૪-૧૫ હેઠળ સ્વીચ ઓવર અરજીઓ સ્વીકારવાની તા.૧૦.૧૨.૨૦૧૪ થી તા.૨૮.૦૨.૨૦૧૫ સુધી રાખવામાં આવેલ હતી.

ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા તા.30.૧૦.૨૦૧૨ ના રોજ SPA સ્કીમ અંતગર્ત સર્વે નં ૧૯૬ પૈકી ૧ માં નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે રૂ.૨૦૦/- **M.R. NO 761852** થી ભરેલ હતા જે અરજી સોલાર સ્કીમ હેઠળ તબદીલ કરવા માટે તા:૨૦.૦૨.૨૦૧૫ ના રોજ રૂ.૧૦૦૦/- **M.R. NO. 541957** થી નોંધણી કરાવેલ. સદર અરજીના અનુસંધાને પીજીવીસીએલ દ્વારા અપાયેલ રૂ.૨૫૦૦૦/-નું અંદાજપત્ર આપેલ હતું, જે રકમ અરજદાર દ્વારા તા.૨૪.૦૩.૨૦૧૫ ના રોજ **M.R. NO 541998** થી ભરપાઈ કરેલ હતી.

ત્યારબાદ સર્વે નં ૧૯૬ પૈકી ૧ માં તા.૧૨.૦૮.૨૦૧૫ થી ગ્રાહકનં ૮૧૮૦૨/૦૪૬૯૨/૫ થી ૦૫ હોપાનું સોલાર પમ્પ સેટનું વીજજોડાણ **SOAGP** ટેરિફ હેઠળ રીલીઝ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.3 રાજ્ય સરકારશ્રીના સૌરઉર્જા સંચાલિત કૃષિ પમ્પ સેટ દ્વારા ખેડૂતોના કુવા/બોર ના વીજળીકરણની યોજના ઠરાવ તા.૨૫-૦૯-૧૪,તા.૨૬-૧૧-૨૦૧૪ અને તા.૦૨-૦૨-૨૦૧૫ અંતગર્ત અરજદાર દ્વારા કરાયેલ ત્રીપક્ષીય કરારની શરત નં ૦૪,૦૮,૧૪ અને ૨૦ નીચે મુજબ નોંધાયેલ છે.

<u>શરત નં ૦૪ :</u> "સદર જણાવેલ સોલાર પમ્પ સેટ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી ૦૫ વર્ષ સુધી પ્રથમ પક્ષકાર /વીજ વિતરણ કંપનીની રહેશે, પરંતુ તેની સારસંભાળ-મરંમત વગેરેની તમામ જવાબદારી ત્રીજા પક્ષકાર/ સપ્લાયરની રહેશે." ત્યારબાદ ૦૫ વર્ષ પછી આ માલિકી લાભાર્થીને એ શરતે તબ્દીલ થશે કે આગામી ૦૫ (પાંચ) વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડણની માંગણી કરી શકશે નહિ.

<u>શરત નં ૦૮ :</u> "સોલાર પમ્પ સેટ બેસાડવાના ૦૫ (પાંચ) વર્ષની સમયગાળામાં અરજદાર/ખેડુત સોલાર પમ્પ સેટ બદલવાની, હટાવવાની કે અન્ય કોઇને વેચવાની, તબદીલ કરવાની માંગણી/વિનંતી કરી શકશે નહીં."

<u>શરત નં ૧૪ :</u> "સપ્લાયરે ૦૫ વર્ષની ગેરંટીના સમયગાળામાં બગડેલ ઉપકરણ/ભાગ ને ત્રણ (3) દિવસની સમય મર્યાદામા સંપૂર્ણ વિના મુલ્યે દુરસ્ત/બદલી આપવાનો રહેશે."

"શરત નં ૨૦ : "આ યોજનાના લાભાર્થી કે લાભાર્થીના વારસદારો એજ સર્વે નંબરમાં કે એ સર્વે નંબરના વિભાજિત થયેલા ટૂકડામાં પરંપરાગત કૃષિ વીજજોડાણ મેળવવા માટે સોલાર ઉર્જા પમ્પ મેળવ્યાની તારીખથી ૦૫ (પાંચ) વર્ષ સુધી હક્કદાર રહેશે નહી."

ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ તા.૦૨-૧૨-૨૦૧૫ થી સદર યોજનાના ઠરાવમાં સુધારો આપેલ છે તે મુજબ શરત નં – ૧૧ માં નીચે મુજબ સુધારો કરેલ છે.

શરત નં – ૧૧: "સૌરપમ્પ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી ૦૫ વર્ષ સુધી સંબંધિત વીજકંપનીની રહેશે અને ૦૫ વર્ષ પછી આ માલિકી લાભાર્થીને એ શરતે તબ્દીલ થશે કે આગામી ૦૫ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકશે નહિ."

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબની વિગતે - સૌરઉર્જા સંચાલિત સોલાર પમ્પના વર્ક ઓર્ડરની શરત નં-૧૬ મુજબ ગેરેંટીનો સમયગાળો નીચે મુજબ છે.

"The solar photovoltaic water pumping system supplied and installed shall be guaranteed by you for a minimum period of Five Years from the date of last system commission in regard to quality of material, workmanship, performance, efficiency, installation, etc.... "

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબની વિગતે, રોટોમેગ મોટર્સ એન્ડ કન્ટ્રોલ્સ પ્રા. લી., પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ લક્ષ્યાંક મુજબ છેલ્લો સોલાર પમ્પ તા.૨૪-૦૮-૨૦૧૬ ના રોજ ચાલુ કરેલ હોય તે મુજબ સદર એજન્સી દ્વારા સ્થાપિત કરાયેલ તમામ સોલાર પમ્પના ગેરેંટીનો સમયગાળો તા.૨૩-૦૮-૨૦૨૧ સુધીનો અમલમાં રહેશે આ સમયગાળો પૂરો થઇ ગયો હોઈ, પી.જી.વી.સી.એલ. દ્વારા લાભાર્થીને સોલાર પમ્પ તબ્દીલ કરવાની કાર્યવાહી કરવી અથવા તબ્દીલ ન થાય ત્યાં સુધી સોલાર પમ્પ ચાલુ રાખવાની કાર્યવાહી કરવી.

૪.૫ સદર કેસનો અભ્યાસ કરતા અરજદારનું સૌરઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પસેટ તા.૧૨.૦૮.૨૦૧૫ થી લાગેલ હોય, જેથી તા.૧૧.૦૮.૨૦૨૦ ના રોજ ૦૫ વર્ષનો સમયગાળો પૂર્ણ થયેલ હોવાથી તેમજ મુદ્દા નં ૪.૪ મુજબ ની વિગતે સોલાર પમ્પના ગેરેંટીનો સમયગાળો પૂર્ણ થઇ ગયેલ છે. વધુમાં અરજદાર દ્વારા તેઓનું સૌરઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પસેટ કઈ તારીખથી બંધ થયેલ હતું તેની ફરિયાદ સબંધક પેટાવિભાગીય કચેરીમાં કરેલ હોય તેના કોઈ આધાર-પુરાવા કે વિગત અરજદાર દ્વારા રજુ કરેલ નથી. સદર સંજોગોમાં ઓર્ડર મુજબની શરતો પ્રમાણે બગડેલ ઉપકરણને સદર ૦૫ વર્ષની ગેરેંટીનો સમયગાળો પૂર્ણ થયેલ હોવાથી વિના મુલ્યે રીપેરીંગ / બદલી કરવાની જવાબદારી સપ્લાયરની રહેતી નથી.

૪.૬ સૌરઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પસેટ ચાલુ કર્યાની તારીખથી ૦૫ વર્ષ પછી સદર પમ્પની માલીકી એ શરતે તબ્દીલ થશે કે આગામી ૦૫ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકશે નહિ તે મુજબ અરજદારના સદર સૌરઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પસેટના ૦૫ વર્ષ તા.૧૧.૦૮.૨૦૨૦ ના રોજ પૂર્ણ થતા હોય જેથી તા.૧૨.૦૮.૨૦૨૦ થી તા.૧૧.૦૮.૨૦૨૫ સુધી સદર સોલાર પમ્પસેટની માલિકી લાભાર્થીને તબદીલ થતી હોવાથી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકશે નહિ. વધુમાં સદર યોજનાને સંલગ્ન ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીને પરંપરાગત ખેતીવાડી વીજજોડાણ આપવા અંગેની કોઈ યોજના લાગુ પાડવામાં આવે તો લાભાર્થી અરજદારને સત્વરે લેખિતમાં જાણકારી આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

આમ, સૌરઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પસેટના વીજજોડાણ અન્વયે થયેલ કરાર મુજબ ૦૫ વર્ષ પૂર્ણ થયેલ હોય સોલાર પમ્પસેટના મેન્ટેનન્સનો ખર્ચ લાભાર્થી અરજદારે ભોગવવાનો રહેશે તેમજ અરજદારની નવું વીજજોડાણ મળવા અંગેની રજૂઆત હાલના સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતેની જાણકારી બન્ને પક્ષકારોને આપવામાં આવે છે.

૪.૮ સદર સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (ડી.વી.લાખાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. સદરરજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot